કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૬૭૯૨ તા. ૦૭/૦૬/૨૦૧૯

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

વિષય : ધોરણ ૧-૨ અને ૩ થી ૫ માં વિષય શિક્ષક અને તાસ પધ્ધતિના અમલ અંગેની માર્ગદર્શક સૂચનાઓ.

સંદર્ભ: માન નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ તથા માન. નિયામકશ્રી જીસીઇઆરટી ગાંધીનગરના પત્ર ક્રમાક: જીસીઇઆરટી/સી&ઇ/૨૦૧૯/ કેમ્પ/૦૧૨ તા.૦૨/૦૫/૨૦૧૯

આથી ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓ ને જણાવવાનું કે, ધોરણ ૧-૨ અને ૩ થી ૫ માં વિષય શિક્ષક અને તાસ પધ્ધતિના અમલ અંગેની નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ અગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં ધોરણ અને વિષય ફાળવણીમાં ધ્યાન રાખવાનું રહેશે.

1. જે શિક્ષકોએ વર્ષ ૨૦૧૮-૧૯ માં પ્રજ્ઞા વર્ગોમાં શિક્ષણકાર્ય કરાવ્યુ છે તેઓ જ અગામી વર્ષ ૨૦૧૯-૨૦ માં પણ પ્રજ્ઞા વર્ગો લેશે.
2. જે શિક્ષકો વર્ષ ૨૦૧૮-૧૯ માં ધોરણ ૩ થી ૫ માં જે વિષયો ભણાવતા હતા તે શિક્ષકો વર્ષ ૨૦૧૯-૨૦ માં પણ એ જ વિષયો ભણાવશે. એટલે કે આ વર્ષે ધોરણ ૩ થી ૫ માં જે શિક્ષક ગુજરાતી ભણાવે છે તે જ શિક્ષક આગામી વર્ષે પણ ધોરણ ૩ થી ૫ માં ગુજરાતી ભણાવશે.
3. જરૂર જણાય ધોરણ ૩ થી ૫ માં ધોરણની ફાળવણી બદલી શકાય પરંતુ વિષય ન બદલવા. દાખલા તરીકે ૨૦૧૮-૧૯માં એક શાળાના ધોરણ ૩ ના વર્ગશિક્ષક ધોરણ ૩ થી ૫ માં ગણિત ભણાવે છે. એ શિક્ષક ૨૦૧૯-૨૦ માં ધોરણ ૪ અથવા ૫ વર્ગશિક્ષક થઇ શકે પરંતુ એમણે ધોરણ ૩ થી ૫ નું ગણિત ભણાવવાનું છે.
4. સર્વશિક્ષા અભિયાનનો પરિપત્ર: SSA/QEC Cell/24720-458 તા.24/7/2018 ના પત્ર દ્વારા ગત વર્ષે આપેલ સૂચનાઓને બદલે આગામી વર્ષે પ્રજ્ઞા અંતર્ગત કોઇપણ એક ટુકડીમાં ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓને ભેગા રાખીને વિષય શિક્ષક દ્વારા જ શિક્ષણ કાર્ય કરાવવું. જે શાળામાં ધોરણ ૧ – ૨ માટે એક જ શિક્ષક હોય ત્યા બન્ને ધોરણ ના વિદ્યાર્થીઓ એક દિવસ ગુજરાતી અને એક દિવસ ગણિતનું અધ્યયન કરશે. જે શાળામાં બે શિક્ષકો હોય ત્યા મોડેલ -૧ મુજબ એક ગુજરાતી શિક્ષક અને એક ગણિત શિક્ષક હશે. એક વર્ગમાં ધોરણ ૧-૨ ના અડધા

વિદ્યાર્થીઓ ગુજરાતી ભણશે અને બીજા વર્ગમાં ધોરણ- ૧-૨ ના બાકીના વિદ્યાર્થીઓ ગણિત ભણશે. આમ પ્રજ્ઞા અંતર્ગત હાવે ધોરણ ૧ અને ૨ ને અલગ-અલગ રાખીને ભણાવવાના નથી.

5. શિક્ષકની બદલી કે અન્ય વહીવટી કારણોસર ઉપરોક્ત સૂચનાઓનો અમલ શક્ય ન હોય તો શાળાના મુખ્ય શિક્ષક બીટ નિરીક્ષકશ્રીના પરામર્શામાં રહીને આ સૂચનાઓનું હાર્દ જળવાઇ રહે તે મુજબ ફેરફાર કરી શકશે.

(સહી)

શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,

સુરત.

<u>સવિનય નકલ રવાના</u> :- પ્રતિ, માન.અધ્યક્ષશ્રી (ન.પ્રા.શિ.સ.સુરત) તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના</u> :- પ્રતિ,

1. ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી ન.પ્રા.શિ.સ.સુરત.,
2. નિરીક્ષકશ્રી તમામ ન.પ્રા.શિ.સ. સુરત.,
3. URC, અને CRC.શ્રી તમામ સર્વશિક્ષા અભિયાન મિશન, સુરત.

ઉપરોક્ત ક્રમ ૧ થી ૩ તરફ ધોરણ ૧ થી ૫ ના વર્ગો અને શિક્ષકોની માહિતીને આધારે પ્રત્યેક શાળાદીઠ સંદર્ભદર્શિત પત્રની સૂચનાઓની અમલવારી માટેનું સુક્ષ્મ સુચારૂ આયોજન અને તેને અનુરૂપ હેન્ડ હોલ્ડિંગ કરવા સારૂ તથા અમલ સારૂ.